# ક્યુરેટર

ક્યુરેટર્સ સંગ્રહાલયો, યુનિવર્સિટીઓ અથવા સરકારી સુવિધાઓ સહિતની સંસ્થાઓ દ્વારા સંગ્રહ કરવામાં આવેલ અનેક પ્રકારની વસ્તુઓ જેમ કે ઐતિહાસિક કલાકૃતિઓ, રમતગમતની યાદગીરીઓ અથવા કલાકૃતિઓ સહિતની કૃતિઓની દેખરેખ અને જાળવણી કરે છે. આ કૃતિઓના સંરક્ષક તરીકે, ક્યુરેટર્સ મહત્વપૂર્ણ વસ્તુઓ, દસ્તાવેજો અને સમગ્ર સંગ્રહની સંભાળ રાખે છે જેમાં ઐતિહાસિક પ્રતિલેખ, કલાકૃતિઓ, ફોટોગ્રાફ અને અન્ય મહત્વપૂર્ણ ઐતિહાસિક અથવા કલાત્મક વસ્તુઓનો સમાવેશ થાય છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે લેખિત અને મૌખિક સંચાર કૌશલ્ય ધરાવો છો
- તમને ઈતિહાસમાં રૂચિ અને જ્ઞાન ધરાવો છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૪૦૦ થી ૨,૬૭,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. હ્યુમેનિટીઝમાં ઈતિહાસ વિષય સાથે ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. આર્ટ્સમાં ઈતિહાસ/લલિત કલા / પુરાતત્ત્વ વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો, ત્યારબાદ પુરાતત્ત્વ અથવા સંબંધિત વિષય સાથે અનુસ્નાતક (MA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

અથવા

આર્ટ્સમાં ઈતિહાસ / લલિત કલા / પુરાતત્ત્વ વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો, ત્યારબાદ ક્યુરેશનલ સ્ટડીઝમાં પી.જી. ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ક્યુરેટરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૩,૦૦૦ થી ૮૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Curator/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સંગ્રહાલયો, ગેલેરીઓ, યુનિવર્સિટીઓ અથવા કોઈ પણ સંસ્થા કે જેની પાસે મૂલ્યવાન વસ્તુઓનો સંગ્રહ હોય અને જેની કોઈ ચોક્કસ ક્ષેત્રમાં નિપુણતા ધરાવતા વ્યક્તિ દ્વારા કાળજી લેવાની જરૂર હોય.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે સામાન્ય રીતે પૂર્ણ સમય માટે કામ કરશો. ક્યારેક સમયમર્યાદામાં કામગીરી પૂરી કરવા માટે અથવા મ્યુઝિયમના અન્ય કર્મચારીઓ સાથે સંકલન કરવા માટે દર અઠવાડિયે ૪૦ કલાકથી વધુ કામ કરી શકો છો. તમારે વ્યાવસાયિક મીટિંગ્સ, કોન્ફરન્સ અને વર્કશોપમાં હાજરી આપવા અથવા સંશોધન કરવા માટે મુસાફરી કરવી પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

મદદનીશ → આર્કાઈવિસ્ટ → ક્યુરેટર (મ્યુઝિયમ) → હેડ ક્યુરેટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્કાઈવિસ્ટ, આર્ટ ક્યુરેટર, મ્યુઝિયમ ક્યુરેટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈતિહાસ/મ્યુઝિયોલોજી/પુરાતત્ત્વ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૩. કે.એસ.કે.વી.કે.યુ., કચ્છ
૪. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૫. નેશનલ મ્યુઝિયમ ઈન્સ્ટિટ્યુટ, નવી દિલ્હી (માન્ય)
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટ, મુંબઈ
૮. પુરાતત્ત્વ સંસ્થાન, ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ, નવી દિલ્હી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
૨. મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ, ચેન્નાઈ
૩. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૪. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૫. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૬. બનાસ્થલી વિદ્યાપીઠ, જયપુર
૭. આંધ્ર લોયોલા કોલેજ, વિજયવાડા
૮. જી.યુ.એન.આઈ., મહેસાણા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ટૂંકા ગાળાના અભ્યાસક્રમો**

- આધુનિક અને સમકાલીન ભારતીય કલા અને ક્યુરેટોરિયલ સ્ટડીઝમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા - ડૉ. ભાઉ દાજી લાડ મુંબઈ સિટી મ્યુઝિયમ

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**તસ્નીમ ઝકરિયા મહેતા** કલા ઈતિહાસકાર, ક્યુરેટર, ડિઝાઈનર અને સાંસ્કૃતિક કાર્યકર્તા છે. મહેતાએ દિલ્હી યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો, ત્યારબાદ મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાંથી ફાઈન આર્ટ્સની ડિગ્રી અને કોલંબિયા યુનિવર્સિટી, ન્યૂ યોર્કમાંથી લિબરલ આર્ટ્સમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી. તે મુંબઈના ડૉ. ભાઉ દાજી લાડ મ્યુઝિયમના મેનેજિંગ ટ્રસ્ટી અને માનદ નિયામક છે. તેમના પ્રયાસોએ મુંબઈના ડૉ. ભાઈ દાજી લાડ મ્યુઝિયમને ભારતીય કળા માટે દેશના સૌથી વધુ વ્યસ્ત અને સમકાલીન સ્થાનોમાંના એકમાં પરિવર્તિત કર્યું. *

સ્રોત:https://www.education.artindiamag.com

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.